# વાલમ જ્ઞાતિનો ઈતિહાસ

•

વાલમ જ્ઞાતિનો ઈતિહાસ મારી પાસે છે, તે લખું છું.

મૂળ વાલમ બ્રાહ્મણ બિહારમાં પટણાથી અગિયાર કિ.મી. દૂર વાલમ ગામમાં વસતા કાયસ્થ બ્રાહ્મણ જે વાલમ ગામના હોવાથી તેઓને વાલમ બ્રાહ્મણ તરીકેની ઓળખ આપેલ. કાયસ્થ (ખેતમજૂર)ના ગોર હોવાથી કાયસ્થ બ્રાહ્મણ બ્રાહ્મણ તરીકે ઓળખાતા હતા અને હાલમાં પણ યુ.પી., એમ.પી., બિહારમાં પણ ઘણા છે.

બિહારના પટણા શહેરમાં સોમનાથ મંદિર છે જેને આજે પણ બિહારીઓ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહદેવ માને છે. જે મંદિરની પૂજા-અર્ચના ઝા પરિવારના બ્રાહ્મણો કરે છે. તેના મદદનીશ તરીકેવાલમ બ્રાહ્મણો રહેતા. આજથી આશરે બસો કે વધારે વર્ષ પૂર્વે ગુજરાતના પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહે પાટણમાં મહારુદ્ર યજ્ઞ કર્યો તે યજ્ઞમાં આશરે અગિયાર હજાર બ્રાહ્મણોની જરૂર હોય તેથી પોતાના વિદ્વાન પંડિતોને ગુજરાત બહારના પંડિતોને આમંત્રિત કરવા મોકલ્યા હતા. તેમાંના કેટલાક પંડિતો બિહાર ગયા અને તેમણે સોમનાથ મંદિરના ઝા પરિવારના પંડિતોને ગુજરાત આવવા આમંત્રણ પાઠવેલ, પરંતુ તેમણે આવવાની ના પાડતા તેના મદદનીશ કે જે કાયસ્થ બ્રાહ્મણો (જે હાલ વાલમ બ્રાહ્મણ) તેનો સંપર્ક સાધતા તેઓ પણ રુદ્રીપાઠમાં વિદ્વાન જણાતા તેઓને ગુજરાત લઈ આવ્યા અને તેની વિદ્વત્તા જોઈ તેઓને મુખ્ય આસનો આપેલ. હજુ બીજા બ્રાહ્મણો આવવાના બાકી હતા જેથી આવેલ વાલમ બ્રાહ્મણોએ બિહારથી પોતાના સગાઓને બોલાવવા ખેપીયા મોકલી લગભગ સોએક બ્રાહ્મણો ગાડા મારફતે તેમના બાળકો તથા જે ગાડા ખેડૂતો (કાયસ્થો) પણ કુટુંબ સાથે આવ્યા. (કાયસ્થો જે સિહા તરીકે ઓળખાય છે) તેમના ગાડામાં આપણા પરિવારો આવ્યા હતા.

એક હજાર આઠ કુંડનો મહારુદ્ર યજ્ઞ હતો. તેમાં દરેક કુંડ ઉપર બધા બ્રાહ્મણોને સ્થાન મળેલ અને વાલમ બ્રાહ્મણ તથા ઉત્તરમાંથી આવેલ અમુક બ્રાહ્મણો જે ઔદિચ્યને મુખ્ય આચાર્ય તરીકે મંચ ઉપર બેસાડેલ અને યજ્ઞ પણ ઘણા વર્ષ ચાલ્યો અને પૂર્ણ થતા બધાને સીખ (દક્ષિણા) ખૂબ જ આપી હતી. અને મુખ્ય આચાર્યોને ગામ ભેટ આપેલ. આપણાને પાટણથી થોડે દૂર હાલ કડી પાટણ રેલવે લાઈન ઉપર ગામ આપ્યું હતું તે ગામનું નામ પણ આપણે વાલમ ગામ નામ આપેલ. જે હજુ પણ વાલમ ગામ તરીકે જ ઓળખાય છે. ત્યાં આપણે તથા આપણા યજમાનોએ વસવાટ કર્યો. ત્યાં ગામમાં રહેતા ઠાકરો પરિવાર ખેતી અને પશુપાલન કરતા પહેલાથી જ રહેતા હતા. તેમને આપણે કહેણ મોકલી કહ્યું કે, ‘હવે આ ગામ અમારું છે અને તેની જમીન પણ અમારી હોવાથી અમારા કાયસ્થો ખેતી કરશે તેથી જમીન આપી દો.’ તેથી ઠાકરડાઓએ મિટીંગ કરી આપણને તગડી મૂકવા રાત્રિના હુમલો કરવાના હતા પરંતુ ત્યારે એક ઠાકોર યુવાન આપણને ચેતવણી આપવા આવ્યો હતો ત્યારે જ ઠાકરડાઓ હુમલો કરતા આપણને બચાવવા વચ્ચે પડયો જેનું નામ હું ભુલી ગયો છું. કદાચ ચંદ્રસિંહ અથવા વિજયસિંહ હતું તે આપણા માટે શહિદ થઈ ગયો. જે આજે પણ ગામની લાયબ્રેરી સામે તેની ખાંભી છે. ત્યાંથી આપણે ભાગીને વડનગર ગયા ત્યાં વડનગરા બ્રાહ્મણ તરીકે ઓળખાયા. આજે પણ વડનગરા નાગરમાં આપણી અટકો છે. ત્યાંથી આપણે સુરેન્દ્રનગર જિલ્લામાં આવ્યા ત્યાં ચાર જથ્થા વાલમ બ્રાહ્મણ તરીકે ઓળખાયા. જેમાં વઢીયાળ, ચુવાળ, દશકોક્ષી અને સુરેન્દ્રનગર જેનો ઉલ્લેખ શહિદ ચંદ્રસિંહ રાઠોડની પુસ્તિકામાં છે ત્યાંથી સૌરાષ્ટ્રમાં જશાપર (ટીમ્બો)માંથી થોડા સ્થાયી થયા. ત્યાંથી ગોંડલ વગેરે ગામોમાં વસવાટ કરેલ. પરંતુ પૂરતી રોજી નહીં મળતા ત્યાંથી ભાવનગર જિલ્લાના વલ્લભીપુર જયાં બંદર હતું અને ત્યાંનો વેપાર ઉદ્યોગ સારા હતા. તેથી ત્યાં ગયા અને ત્યાંના રાજા એભલ વાળાએ આશરો આપ્યો. ત્યાંની વિદ્યાપીઠમાં આપણા કેટલાકને સંસ્કૃતના પ્રાધ્યાપક

તરીકે સેવામાં રાખેલ અને આથી આપણન બે પૈસા મળતા થયા. પરંતુ આપણા યજમાનો તો ખેતમજૂર જ હતા એ તેમના દીકરીઓના લગ્ન કરાવવા આપણને વિનંતી કરતા આપણે કહ્યું કે, 'વીસ કોરી આપો તો જ અમે લગ્ન કરાવશું.' જેથી બધા જ કાયસ્થો ભેગા થઈ રાજા એભલ વાળા પાસે ગયા. એભલ વાળાએ બધી દીકરીઓ, વરરાજાને તથા કુટુંબીઓને વહાણમાં ભરી તળાજા જઈ બીજા બ્રાહ્મણોને બોલાવી બધી દીકરીઓને પરણાવી કન્યાદાન આપેલ. (જે 'સૌરાષ્ટ્રની રસધારા' ભાગ-૨ માં પાના નંબર ૨૨૦ ઉપર લગભગ છે.) લગ્ન કરાવી રાજા પાછા વલ્લભીપુર આવતા આપણે તેના દરબારમાં જઈ કહેલ કે, 'અમારી દક્ષિણા આપો નહિતર અમે આત્મહત્યા કરી બ્રહ્મહત્યાનું પાપ તમને આપશું' ત્યારે એભલ વાળાએ આપણો સામનો કરેલ જેમાં થોડા વાલમ મરાયા અને બાકી બચ્યા તેમણે શ્રાપ આપી ત્યાંથી (વલ્લભીપુરમાં વાઘેશ્વરીનું મંદિર હાલમાં છે તેની પાછળના ભાગે બ્રાહ્મણોની ખાંભીઓ ઊભી છે) ભાગી ધંધુકાના રાજને આશરે ગયા અને વલ્લભીપુરનું પાણી હરામ કર્યું. ત્યાર બાદ ધંધુકાના રાજાએ બ્રાહ્મણો પર અત્યાચાર કરનાર એભલ વાળા ઉપર ચઢાઈ કરેલ તેમાં રાણપુરના રાજા રણજિતસિંહ ગોહેલ પણ સાથે રહેલ જેમાં એભલ વાળા મરાયા અને ધંધુકાના રાજાએ વલ્લભીપુર જીતી લીધું. ત્યાર બાદ તેમણે આપણને ફરીને વલ્લભીપુર જવાનું કહેતા આપણે ત્યાંનું પાણી હરામ કહેલ હોવાથી પાછા ન જતા ત્યાં જ રહેવા લાગેલ અને ત્યાંના વાલમ-ધંધુકાના વાલમ તરીકે ઓળખાઈએ છીએ. ત્યાંથી થોડા ઘણા નડિયાદ, ચરોતર તરફ ગયા. ત્યાં ચરોતરિયા વાલમ બ્રાહ્મણ તરીકે ઓળખાઈએ છીએ અને આજે પણ ચરોતરના સોજીત્રા ગામમાં અત્રી ગોત્ર પંડયા પરિવારના કુળદેવી ધોળી માતાજીનું મંદિર છે અને તે મહોલાને પંડયા પરિવારની ખડકી તરીકે ઓળખાય છે.

બસ, આટલું મારી પાસે છે બીજું રૂબરૂ અથવા તો પછીથી મેળવવાની કોશિશ કરું છું. મળ્યેથી જણાવીશ.

•